# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૩/૦૪/૨૦૧૭

તંત્રીશ્રી,

...............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને આવકારવા માટે સુરતમાં યોજાયો અનોખો કાર્યક્રમ : પાંચ હજાર દિવડા સાથે તાપી માતાની કરાઈ વિશેષ પૂજા**
- **માન. પ્રધાનમંત્રી શ્રીના સ્વચ્છતા અભિયાન તથા વિવિધ મિશનની આબેહૂબ બનાવેલી રેતીની કલાકૃતિઓને જાહેર જનતા માટે ખુલ્લી મુકતા માન. ગૃહમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા**
- **આદરણીય પ્રધાનમંત્રીશ્રીને આવકારવા માટે કરાયેલા અનોખા આયોજનથી માન. ગૃહમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા પણ થયા અભિભૂત.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

આગામી ૧૬ મી એપ્રિલના રોજ સુરત ખાતે પધારી રહેલા દેશના લોકલાડીલા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારવા માટે શહેરીજનોમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. માન. પ્રધાનમંત્રીશ્રીને આવકારવા માટે શહેરમાં અનોખા

કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા આજરોજ તાપી મૈયાની વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચ હજાર કરતા વધુ દિવડા સાથેની સંધ્યાકાલીન આરતીના પગલે અનોખા દ્રશ્યો સર્જાયા હતા.

સરગમ શોપીંગ સેન્ટર, બ્રિજની નીચે ઓરીસ્સાના સેન્ડ આર્ટ કલાકાર સુદર્શન પટનાયક દ્વારા રેતીમાંથી માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના મિશનની કૃતિઓ તૈયાર કરવામાં આવી હતી. સ્વચ્છ ભારત અભિયાન "બેટી બચાવો–બેટી પઢાઓ" સહિતની યોજનાઓની આબેહૂબ કૃતિઓ રેતીમાંથી તૈયાર કરવામાં આવી હતી. આ આબેહૂબ સેન્ડ કૃતિઓને માન. ગૃહમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ શહેરની જનતા માટે ખુલ્લી મુકવામાં આવી હતી.

રૂંઢ–મગદલ્લા, વી.આર. મોલની ગલીમાં આવેલ ગણપતિ વિસર્જનના ઓવારે ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા તાપી માતાની વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચ હજાર કરતા વધુ દિવડા સાથે કરાયેલી તાપી મૈયાની આરતીમાં ગૃહમંત્રી શ્રી પ્રદિપસિંહજી જાડેજા, મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમાર, સુરત શહેર પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા, મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, સંસદિય સચિવ શ્રી પૂર્ણેશભાઈ મોદી, ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી હસમુખભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને વધાવવા માટે તેમના આગમન પૂર્વે સુરત શહેર ભા.જ.પા. દ્વારા કરાયેલા અનોખા કાર્યક્રમથી ગૃહમંત્રી શ્રી પ્રદિપસિંહજી જાડેજા ખૂબ પ્રભાવિત થયા હતા અને અનોખા આયોજન બદલ શહેર પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા સહિત સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.